# યાત્રા યાત્રામાં ફેર હોય છે

## તંત્રીસ્થાનેથી...

દક્ષિણ આફ્રિકા સહિતના આફ્રિકન દેશોની મુલાકાતે ગયેલા વડાપ્રધાને એમના અધિકૃત સરકારી પ્રવાસને તીર્થયાત્રા ગણાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે બીજા કોઈ પણ ભૂતપૂર્વ વડાપ્રધાન કરતાં અદકેરો વાણીનો વૈભવ છે. પંડિત જવાહરલાલ નહેરુ અને અટલ બિહારી વાજપેયીને બાદ કરતાં ભારતના અન્ય કોઈ વડાપ્રધાનની પાસે મોદી જેવો શબ્દવૈભવ કે સંસ્કૃતિનો અભ્યાસ નહોતો. વળી એમના આ બે પ્રતાપી પૂર્વસૂરિઓ પણ એમના ભાષાજ્ઞાન કે સાંસ્કૃતિક વિચારધારાનો બહુ જ સંયમપૂર્વક ઉપયોગ કરતા રહ્યા જેથી આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ જળવાય. એમને ફક્ત જરૂરી લાગ્યું ત્યાં અને તેટલું જ બોલવાનું મુનાસિબ માન્યું હતું. વધુ પડતી ભાવુકતાથી બચવાની કળા પણ એમને આત્મસાત્ કરેલી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેટલું જાણે છે કે એમનું ફળદ્રુપ ભેજું જેટલું વિચારી શકે છે તે બધું ઉતાવળે ઓકી નાખી જગતને આંજી નાખવાનો પ્રયાસ કરતા રહે છે. એથી વખત પૂરતી વાહ વાહ જરૂર થઈ જાય છે પરંતુ આ બધો ઉપક્રમ પૂર્વ આયોજિત હોવાની પણ સૌને જાણ થઈ જાય છે. અલબત્ત ભારતને એક 'બોલકા' નેતા મળ્યા છે, જે જયાં જાયં ત્યાં રૉલો પાડી જંપે છે. એથી મીડિયા એમની પાછળ ઘેલું હોય તે સમજી શકાય છે. ભારતીય સંસ્કૃતિનો અને ઈતિહાસનો ધ્વજ લઈને ફરતા આપણા આ અલગારી એમ્બેસેડર દરેક પ્રવાસને લખલૂટ ખર્ચ કરીને યાદગાર બનાવે છે. દાખલા તરીકે ગાંધીજીની કર્મભૂમિ દક્ષિણ આફ્રિકામાં એમણે નેલ્સન મંડેલાના મુખે વર્ષો પૂર્વે સરી પડેલા શબ્દો પણ પોતાનો રબર સ્ટેમ્પ લગાવીને કહ્યું કે અમારા મોહનદાસને મહાત્મા દક્ષિણ આફ્રિકાએ બનાવ્યા છે. મને મહાત્મા ગાંધીની કર્મભૂમિમાં આવતાં તીર્થયાત્રા કરતો હોઉં એવો અહેસાસ થાય છે. મોદીએ બેરિસ્ટર ગાંધીને જે ટ્રેનમાંથી ગોરા ટીટીઓ ધક્કો મારીને પ્લેટફોર્મ પર ફેંક્યા હતા તે પીટર મારિત્ઝ બર્ગ સ્ટેશન સુધી એ ઐતિહાસિક ટ્રેન દોડાવી અને મોદીએ જ કોચમાં બેઠાં, જેમાં એમ.કે. ગાંધી બેઠા હતા. એમનો આ યાદગાર પ્રવાસ મોંઘું ગતકડું લાગે છતાં એનું ભાવનાત્મક મૂલ્ય ઓછું ન જ આંકી શકાય. એક તરફ મોદી સાહેબ વિશ્વનો કોઈ અજાણ્યો ખૂણો પણ બાકી ન રહી જાય એ રીતે પ્રવાસો પર પ્રવાસો કરી રહ્યા છે ત્યારે અમરનાથની યાત્રા પર આતંકવાદનાં વાદળ છવાયાં છે. એક આંતકવાદીને એન્કાઉન્ટરમાં ઢાળી દેતાં કાશ્મીર ખીણમાં જબરદસ્ત રોષ ફાટી નીકળ્યો છે. અમરનાથ યાત્રા અટકાવી દેવી પડી છે. ઉત્તરાખંડ પર આફત ત્રાટકી છે. મધ્યપ્રદેશ જળબંબાકાર થઈ ગયું છે. આ બધાં રાજયોમાં ભારતીય જનમાનસના આસ્થાકેન્દ્રો આવેલાં છે. ખરું કામ તો ઘર આંગણે સામાન્ય નાગરિક એની આસ્થા મુજબ તીર્થયાત્રઆ કરી શકે એવું સલામતીનું વાતાવરણ સર્જવાનું છે. ગાંધીની કર્મભૂમિ કરતાં ગાંધીની માતૃભૂમિ વધુ મહત્ત્વની છે, તે વડાપ્રધાને સમજવું જોઈએ.

# ભારત સરકારના વિસ્તરણમાં ગુજરાતનો દબદબો

અસ્સલ વડાં પ્રધાન ઈંદિરા ગાંધીની જ શૈલીમાં વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વડપણ હેઠળની કેન્દ્ર સરકારનું વિસ્તરણ કર્યું. કામગરા પ્રધાનોને સરપાવ અને ઢીલાઢાલાઓને બૂધું. સાથે જ જે રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ આવી રહી છે એ જીતવા માટે સક્ષમ ગણાય એવાં વ્યક્તિત્વો પ્રધાનમંડળમાં સામેલ કરવાનું પસંદ કરીને 'ચાણક્ય' જેવા ચતુર અને વ્યૂહકાર વડા પ્રધાને ધાર્યું કર્યું છે. વિદેશયાત્રા પર જતાં પૂર્વે પ્રધાનમંડળનું વિસ્તરણ કરવાના



PARSHOTTAM KHODABHAI RUPALA · MANSUKH L. MANDAVIYA · JASVANTSINH SUMANBHAI BHABHOR

સંકલ્પનું સમગ્ર આયોજન પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને હવાલે કરીને પોતે મોકળાશ અનુભવી હતી. મોદીના 'હનુમાન' શાહે સોમવાર, ૪ જુલાઈની સાંજ લગી સંભવિત પ્રધાનોને તેડાવી પ્રધાનપદ સોંપાઈ રહ્યાની ફૂંક મારવાની સાથે જ આવતા દિવસોમાં પક્ષ કે એનડીએના વિજય માટે શું કરવાનું છે એનું લેસન પણ એમને આપી દીધું.

મંગળવારે (૫ જુલાઈ) રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નવા પ્રધાનોને શપથ લેવડાવ્યા ત્યારે વડા પ્રધાન મોદી અને પક્ષાધ્યક્ષ શાહ હળવી પળોમાં વાત કરતા જણાયા અને વિપક્ષી નેતાગણ અનુપસ્થિત રહ્યાની નોંધ સુદ્ધાં ભાગ્યે જ કોઈએ લીધી. મોદીના વડપણ હેઠળની એનડીએ સરકારના ઘટક પક્ષોમાં વટકેલા રહેતા મહારાષ્ટ્રના શિવ સેનાને ઠેંગો બતાવીને શિવ સેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનાં આગલા દિવસનાં નિવેદનો ભણી મોદીએ સાવ જ અવગણનાનો સંદેશ આપવાનું પસંદ કર્યું છે. શિવ સેના સત્તા મોરચામાંથી નીકળી જાય તો મોદી આણિ મંડળી પવાર-સેના સાથે જોડાણ કરવાની તૈયારીમાં હોવાથી શિવ સેનાના ગળામાં હાડકું ભરાયું છે. વળી ઉત્તર પ્રદેશ જ નહીં, રાજસ્થાનથી પણ જેમને પ્રધાનમંડળમાં સમાવાયા એ લખનઊમાં વિજયોત્સવ મનાવવાની વ્યૂહરચનામાં ભાગરૂપ જ જોવા મળ્યા.

ગુજરાતમાંથી વિસ્તરણમાં બે નવા પટેલ પ્રધાનોને સમાવવાનું મોદીનું પગલું ઘણાને આશ્ચર્ય પમાડે તેવું હોવા છતાં કડવા અને લેઉઆ પટેલની સમતુલા જાળવવા માટે એવું કરાયું એટલે પાટીદાર અનામત આંદોલનની રહીસહી અસરને ખાળવા માટે પ્રતિનિધિ લેવામાં આવ્યાનું લાગે છે. ગુજરાતના અનુભવી પ્રધાન અને પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રહેલા પરસોત્તમ રૂપાલાને કેન્દ્રમાં રાજ્ય પ્રધાન બનાવીને હાલ પૂરતા મુખ્ય પ્રધાન પદની સ્પર્ધામાંથી એમને બાકાત કરાયા છે.

રૂપાલા કડવા પટેલ છે. અમરેલીના છે. ભાવનગરના લેઉઆ પટેલ એવા આક્રમક નેતાની છબિ ધરાવતા મનસુખ માંડવિયાને પણ રાજ્ય કક્ષાના પ્રધાન બનાવાયા છે. મોદી સરકારમાં અગાઉથી જ આંજણા પટેલ એવા હરિભાઈ ચૌધરી તો છે જ.જોકે હરિભાઈ કનેથી મહત્વનું ગૃહ ખાતું લઈ તેમને લઘુ-મધ્યમ ઉદ્યોગ ખાતું આપ્યું. વળી, સ્મૃતિ ઈરાની અને અરુણ જેટલી પણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. ઈરાનીનું માનવસંસાધન પ્રકાશ જાવડેકરને આપીને બહુબોલાં પ્રધાનને સંદેશ અપાયો છે. હવે આદિવાસી પટ્ટાના જસવંતસિંહ ભાંભોરને પણ લેવામાં આવ્યા છે. ભાંભોર ગુજરાતમાં રાજ્ય પ્રધાન રહ્યા છે.બે રાજ્ય પ્રધાનોને પડતા મૂકાયા તેમાં મોહન કુંડારિયા અને મનસુખ વસાવાને એમના અપ્રભાવી કામ અને વિવાદસર્જક નિવેદનોને પ્રતાપે રવાના કરાયાનું જણાય છે. કુંડારિયા કડવા પટેલ છે. રૂપાલાને લેવામાં આવતાં રાજયભરના કડવા પટેલોને સંદેશ આપવાનો પ્રયાસ વડા પ્રધાન મોદીએ કર્યો છે. વળી, ભરૂચના મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલને પત્ર લખીને રાજ્ય સરકારમાં કામો નહીં થતાં હોવાનો હોબાળો મચાવ્યો હતો એટલે એમને સ્થાને ઓછાબોલા અને વધુ કામ કરનારા આદિવાસી નેતા ભાંભોરને મૂક્યા છે.




પ્રધાનમંડળ વિસ્તરણમાં મુખ્યત્ત્વે ઉત્તર પ્રદેશ જીતવાનું આયોજન સવિશેષ જણાય છે. ઉત્તર પ્રદેશમાં દલિત, બ્રાહ્મણ અને જાટ વોટબેંકમાં પ્રભાવ પાડવાનો પ્રયાસ મોદી ઘણા વખતથી કરી રહ્યા હતા. રાજયના ૧૩ પ્રધાનો મોદી સરકારમાં છે. આ વખતે વધુ ત્રણ પ્રધાનો ઉમેરવાનું પસંદ કર્યું છે. મિત્રપક્ષ અપના દલનાં અનુપ્રિયા સિંહ પટેલ કુમી એટલે કે પટેલ વોટબેંક પર સારો એવો પ્રભાવ ધરાવતાં હોવાથી અને બિહારના કુમી મુખ્ય પ્રધાન નીતીશ કુમાર ઉત્તર પ્રદેશમાં મુલાયમ-સેનાને પક્ષે મદદે આવવાની શક્યતા હોવાથી અનુપ્રિયાને રાજ્યપ્રધાન બનાવાયાં છે. જોકે, અનુપ્રિયાનો પક્ષ અને એમનાં મા-બાપ એમનાથી નારાજ હોવાનું જાહેર કરતાં હરખ કરવાનું ટાળ છે. બ્રાહ્મણોની વોટબેંકને રાજી કરવા માટે ભાજપના ડૉ.મહેન્દ્રનાથ પાંડેને સામેલ કરાયા છે. ઉત્તર પ્રદેશમાં દલિત વોટબેંક બહુજન સમાજ પક્ષનાં સુપ્રીમો માયાવતીને ફરી મુખ્ય પ્રધાન બનાવવા માટે સંગઠિત થઈ ના જાય એટલા માટે મોદી છેલ્લા ઘણા વખતથી ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઊજવણી નિમિત્તે એમનો ગાજવીજ કરતા રહ્યા છે. સાથે જ આ વખતે મહારાષ્ટ્રમાંના દલિત નેતા રામદાસ આઠવલે, રાજસ્થાનના દલિત સાંસદ અર્જુન મેઘવાળ ઉપરાંત ઉત્તર પ્રદેશનાં દલિત-પાસી સાંસદ શ્રીમતી કૃષ્ણા રાજને રાજ્ય પ્રધાન બનાવાયાં છે. અગાઉ આંબેડકરવાદી ડૉ.નરેન્દ્ર જાધવને રાજયસભામાં નિયુક્ત કરાવવામાં આવ્યા હતા. વાત એટલે અટકતી નથી. ઉત્તર પ્રદેશના જાટ સમુદાયમાં પ્રભાવ પાથરવા માટે રાજસ્થાનના બે જાટ નેતા પી. પી. ચૌધરી અને સી. આર. ચૌધરીને રાજ્યપ્રધાન બનાવાયા છે.

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે અને તાજા સર્વેક્ષણો પંજાબમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની 'આપ' પાર્ટીને સરકાર રચવાની મોકળાશ કરી આપતા જણાય છે. મોદી એમાં પંક્ચર કરવા જે કાંઈ કરવું પડે તે માટે કરવા માટે કૃતસંકલ્પ છે. અત્યારે પંજાબમાં મિત્રપક્ષ અકાલી દળ સાથે ભાજપ સરકારમાં છે. મુખ્ય પ્રધાન પ્રકાશ સિંહ બાદલનાં પુત્રવધૂ અને નાયબ મુખ્ય પ્રધાન સુખબીર સિંહ બાદલનાં પત્ની હરસીમરત મોદી સરકારમાં રાજ્યપ્રધાન હોવા ઉપરાંત આ વખતના વિસ્તરણમાં જૂના કૉંગ્રેસી એવા દાર્જીલિંગના શીખ સાંસદ એસ. એસ. આહલુવાલિયાને પણ રાજ્ય પ્રધાનપદ સોંપાયું છે. ઉત્તર ભારતમાં જાટ આંદોલનના પ્રભાવને ખાળવા માટે જાટ પ્રધાનોનો પ્રભાવ પણ મોદી સરકારમાં વધ્યો છે.

સાથે જ વર્તમાન રાજ્ય પ્રધાન પ્રકાશ જાવડેકરને બઢતી આપીને કેબિનેટ પ્રધાન બનાવાયા છે અને પક્ષના પ્રવક્તા તેમજ જૂના રાજીવનિષ્ઠ સાંસદમાંથી મોદીનિષ્ઠ બનેલા પત્રકાર શિરોમણિ એમ. જે. અકબરને પણ રાજ્ય પ્રધાન બનાવીને મુસ્લિમ વિશ્વ અને વોટ બેંકને વડા પ્રધાન સકારાત્મક સંદેશ આપવા આતુર જણાય છે. આખું આયખું કૉંગ્રેસમાં વિવિધ હોદ્દે રહેલાં નજમા હેપતુલ્લા ભાજપના વડપણવાળી સરકારમાં પ્રધાન હોવા છતાં એમની ઢળતી વયનો વિકલ્પ અકબર થઈ શકે છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી અને વિશ્વમંચ પર એમણે મોદીના દૂત તરીકે કાર્યરત રહેવાનું છે. ઉત્તર પ્રદેશનો જંગ જીતાડવામાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાતના ધારાસભ્ય અમિત શાહ સફળ રહે તો એમને ગુજરાતના મુખ્ય પ્રધાનપદનો સરપાવ અપાય એવું જણાય છે.

- 'ચાણક્ય' વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાતની ચૂંટણીને કેન્દ્રમાં રાખીને ગંજીપો ચીપ્યો
- ઉત્તર પ્રદેશનો જંગ જીતાડવામાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સફળ રહે તો એમને ગુજરાતના મુખ્ય પ્રધાનપદનો સરપાવ

# સ્ત્રીમાં રહેલી કોમળતા છતાં તેનામાં રહેલી લડવાની ક્ષમતા, પરિસ્થિતિનો સામનો કરવાની કોઠાસૂઝ તેને સફળ બનાવે છે



'હવે ખાલી પથ્થર, ખાડો, અંધારું ને અવકાશ,
પોતાના જ પગથિયાં ચડીને વાવ તો કયારની નીકળી ગઈ બ્હાર.'
- સૌમ્ય જોષી

આપણા દેશમાં શિલ્પ સ્થાપત્યના કેટલાય ઉત્તમ બેનમૂન અને અદ્ભૂત કલા કારીગરીના નમૂના સમા સ્થાપત્યો રાજા-મહારાજાઓના યુગમાં બનાવાયા છે. કંઈ કેટલાય વર્ષો પૂર્વે બનાવેલા આ સ્થાપત્યો પર કાળની કંઈ કેટલીયે થપાટો વાગેલી હોવા છતાં આજે પણ એ સ્થાપત્યો અડીખમ પોતાના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતા દષ્ટિગોચર થાય છે. વાવ, કૂવા કે કુંડ સામાન્ય રીતે પ્રજાજનોને રોજબરોજના જીવનમાં પાણીની ઉપલબ્ધ માટેના એક સ્થાન તરીકે બનાવવામાં આવતા. પરંતુ, આ વાવ કે કુંડનું બેજોડ શિલ્પ સ્થાપત્ય પોતાનામાં એક ઈતિહાસ અને કેટલીક કથાઓને સમાવી બેઠેલા હોય છે. આપણે ત્યાં દરેક સ્થાપત્યને લગતી જાતજાતની લોકવાયકાઓ પણ એટલી જ પ્રસિદ્ધ થઈ છે. ગુજરાતમાં આવેલી રાણકી વાવ અને અડાલજની વાવ બંને સ્થાપત્ય કલાની દષ્ટિએ તો ઉત્તમ છે જ પણ તેની સાથે સંકળાયેલી લોકવાયકા પણ ગુજરાતની ગરવી નારના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે. પાટણની રાણકી વાવ રાણી ઉદયમતીએ રાજા ભીલદેવના નિધન બાદ વાવના બાંધકામને ચાલુ રખાવીને ગુજરાતનો સ્થાપત્ય અને કલાનો સર્વશ્રેષ્ઠ નમૂનો ભેટ કરેલો છે. તે જ પ્રમાણે અડાલજની વાવ સાથે પણ ગુજરાતની ગુણવંતી નાર અને એના પ્રેમની કથા વણાયેલી છે. આ વાવના એક-એક પગથિયે આપણો વિસરાયેલો ઈતિહાસ ડોકાય છે.

એક સમયમાં રાજા-મહારાજાઓ ઉનાળાની ગરમીથી બચવા અને પાણીની કમી દૂર કરવા વાવ, કૂવાઓનું નિર્માણ કરતા, તો કેટલાક રાજવીઓ શિકાર પછી ઠંડકમાં આરામ ફરમાવવા માટે પણ આવી વાવોનો ઉપયોગ કરતા, તો સિપાઈ, સામાન્ય જનતા, થાકેલા યાત્રાળુઓ, વેપારીઓ અને પ્રવાસીઓ પણ વાટમાં આરામ કરવા માટે આવી કલામંડિત વાવનો ઉપયોગ કરતા, અમદાવાદથી નવ કિલોમીટર દૂર આવેલી અડાલજની વાવ અંદાજે પાંચસો વર્ષથી વધારે જૂની છે. તેના અધુરા નિર્માણ પાછળ એક પ્રેમકથા કારણરૂપ છે. ધનદાઈના રાજવી રાણા વીરસિંહ મંગેલાએ આ વાવનું નિર્માણ શરૂ કરાવ્યું હતું પરંતુ આ રાજવી યુદ્ધમાં મહંમદ બેગડાને હાથે માર્યો ગયો હતો અને વાવ અધૂરી રહી ગઈ. રાજા વીરસિંહની સુંદર પત્ની રાણી રૂપબા પર નજર પડતાં મહંમદ બેગડો તેના પર મોહિત થયો અને તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાણી રૂપબાએ પોતાના સ્વર્ગવાસી પતિએ અધૂરી છોડેલી વાવનું નિર્માણ પૂરું કરાવાની શરતે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. અને રાણીની સુંદરતા પર મોહાંધ બનેલા બેગડાને તુરંત વાવનું કામ શરૂ કરાવ્યું. જો કે, વાવના નિર્માણનો પાંચમો માળ પૂરો થતાં જ મહંમદે લગ્નની વાત કરી ત્યારે પતિવ્રતા રાણી રૂપબાએ આ અધૂરી વાવની પાણીમાં ડૂબી જઈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો ગુસ્સે થયેલા મહંમદ બેગડાએ વાવનું કામ અધુરું છોડી દેવા આદેશ કર્યો, માટે તેના પર ગુંબજ જોવા મળતો નથી. વાવની એકેએક ઈંટ આ પ્રેમકથાની મૂક સાક્ષી છે.




આમ બંને વાવની સ્થાપના માટેનું શ્રેય પતિવ્રતા સ્ત્રીઓ રાણી ઉદયમતી અને રાણી રૂપબાને ફાળે જાય છે. આ બંને રાજવી સ્ત્રીઓએ પ્રજાજનો માટે આશીર્વાદરૂપ આ વાવનું નિર્માણ કરાવ્યું. બંનેનો પ્રજાજનો પ્રત્યેનો નિ:સ્વાર્થ પ્રેમ અને પતિ પ્રત્યેની અનહદ લાગણી વાવના સ્થાપત્યમાં વણાયેલી છે. આજની સ્ત્રી અન્યાયનો સામનો કરનારી અને તેના માટે અવાજ ઉઠાવનારી બની છે. પણ આજથી કેટકેટલા વર્ષો પૂર્વે પણ આ બંને સ્ત્રીઓએ પતિના મૃત્યુથી હાર્યા વિના પરિસ્થિતિનો એકલા હાથે સામનો કર્યો છે એ બાબત સ્ત્રીની ખુમારી દર્શાવે છે. પોતાની પ્રજાના હિત માટે પતિના મૃત્યુ બાદ પણ બંને વીર મહિલાઓએ પતિવ્રતા ધર્મને અનુસરીને આદરેલા કામ પૂરા કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો એ અત્યંત પ્રશંસનીય બાબત ગણાય. એ જમાનામાં સ્ત્રીઓ ઘૂંઘટમાં રહેતી અને આવા સમયમાં પણ પોતાની વાતને વળગી રહીને અંધારું, પથ્થર, દોજખને પાર કરીને આ બંને સ્ત્રીઓએ પોતે જાતે પોતાનો ઈતિહાસ રચી દીધો! વાવને સ્ત્રીની ઉપમા આપવામાં આવે તો સ્ત્રીઓએ સંઘર્ષપૂર્વક પથ્થર, ખાડો, અંધારું એ બધું ઓળંગીને, એ તમામ અવરોધોને જ પોતાની પ્રગતિનો પાયો બનાવીને બહાર આવીને પોતાનામાં રહેલા સાહસ, ખુમારી અને પ્રતિભાના દર્શન દુનિયાને કરાવ્યા છે.

સ્ત્રીમાં રહેલી કોમળતા છતાં તેનામાં રહેલી લડવાની ક્ષમતા અને પરિસ્થિતિનો સામનો કરવાની કોઠાસૂઝ તેને સફળ બનાવે છે. સ્ત્રીઓની પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનમાં સમય, સંજોગો, બાહ્ય પરિબળોની મદદ આ બધા ઉપરાંત સૌથી મોટું પરિબળ છે તેની પોતાની કંઈક કરી છૂટવાની ધગશ, તેના પ્રેમમાં રહેલી સચ્ચાઈની તીવ્રતા અને તેની અદ્ભૂત પ્રતિભાવાન આંતરસૂઝ!

- nehalgadhavi101@gmail.com



# ભારતમાં સમાન નાગરીક ધારાની આવશ્યકતા

ભારત વિભિન્ન જ્ઞાતિઓ, જાતીઓ, ભાષાઓ, રીત-રીવાજો, ખાણીપીણી, વેષભૂષાઓ ધરાવતો બહુરંગી દેશ છે. ભારતના ઈતિહાસમાં અગાઉ ક્યારેય સમાન નાગરિક ધારાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ નહોતી બ્રિટીશ રાજયમાં સમાન નાગરિક ધારાની વિચારસરણી ઉત્પન્ન થયેલ જે લઘુમતીઓના વિરોધ વચ્ચે દબાઈ ગયેલ ત્યારે ભારતમાં લોકશાહી અને વિકેન્દ્રીત પધ્ધતિ હતી. રાજા રજવાડાઓ કે મુગલ સામ્રાજય હોય કે પૃથ્વીરાજ ચૌહાણનું સામ્રાજય હોય લોકો સંપીને રહેતા અને સંપૂર્ણ ધાર્મિક, સામાજીક અને આર્થિક આઝાદી રહેતી.




ભારતીય જનજીવનમાં ચાર મુખ્ય પાસાઓ વર્ણવવામાં આવ્યા છે. રાજ ધર્મ, ધાર્મિકતા, આર્થિકતા અને સામાજીકતા ઉપર ભારતીય અખંડતાનો પાયો નંખાયો છે. ધાર્મિક સત્તાઓ એ સમયે સંપૂર્ણપણે ધર્મગુરૂઓ હસ્તક હતી તેમાં રાજ ધર્મની કોઈ દખલગીરી નહોતી, આર્થિક પરિબળો શાહુકારોના હાથમાં હતી મુક્ત વેપારનું ચલણ હતું. સામાજીક બાબતોની સત્તા જ્ઞાતિના વડાઓના હાથમાં રહેતી તે લોકો લગ્ન, બાળ સંસ્કાર, છૂટાછેડા જેવી બાબતો જ્ઞાતિના વડાઓ નક્કી કરતા જ્ઞાતિ બહાર કાઢી મુકવાની પ્રથા પણ અમલમાં હતી તેથી લોકો જ્ઞાતિના રીત રીવાજ, કાયદા, કાનૂનનું સંપૂર્ણપણે પાલન કરતા સામાજીક ઝઘડાના ઉકેલ પણ જ્ઞાતિના વડાઓ દ્વારા જ લાવવામાં આવતા દરેક જ્ઞાતિના કાયદા, કાનૂન તેના રીત રીવાજ મુજબ નક્કી કરાતા અને તે વંશપરંપરાગત રીતે પેઢી દર પેઢી અપનાવી તેનું પાલન કરવામાં આવતું ત્યારે જ્ઞાતિ આધારીત સમાન કાયદાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ ન હોતી.

પરંતુ ભારતમાં બ્રીટીશરોનો પગપેસારો થતા તમામ આધારો ઉપર વર્ચસ્વ જમાવવા માટે ભાગલા પાડો અને રાજકરોની નીતિના કારણે ધર્મ ધર્મ વચ્ચે, કોમ કોમ વચ્ચે વયમનસ્ય પેદા કરવામાં આવ્યા તેની અસર સામાજીક જીવન ઉપર થતી ગઈ બ્રીટીશરોએ અદાલતોની સ્થાપના કરી અને ન્યાય અદાલતોમાં કરવામાં કરવા લાગ્યા જ્ઞાતિ કે સામાજીક વડાઓનું વર્ચસ્વ ત્યાંથી ઘટતું ગયું સમાજમાં ભય કે ડર રહ્યો નહી પરંપરાઓ તુટવા લાગી. ખૂન, છેપરપીંડી, મારપીટ જેવા ગુન્હાઓની શરૂઆત આ પ્રથા તુટવાના કારણે ઉદ્ભવી તેથી અદાલતોનું વર્ચસ્વ સમાજમાં વધ્યું અને સામાજીક ન્યાયની જગ્યાએ ન્યાયાધીશના ન્યાયે લીધ્યું. કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવ્યું, અંગ્રેજ સરકારે ભારતીય પ્રજાના સામાજીક જનજીવન ઉપર કાયદાનું પ્રભુત્વ વધારવા માંડ્યું. હિન્દુ તથા મુસ્લીમ ધર્મ ગુરૂઓનું વર્ચસ્વ ઘટવા લાગતા સામાજીક સુધારણાની ઝુંબેશ ચાલતા ઝડ પરંપરાઓનો અસ્ત થવા લાગ્યો, વિધવા વિવાહની શરૂઆત તથા બાળ લગ્નોની પ્રથા પર પ્રતિબંધ આવ્યો.

બ્રીટીશ સરકારે સને ૧૪૬૫ માં વિધવા મહિલાઓને પતિ તથા પિતાની સંપત્તીમાં ભાગ અપાવવા ઈન્ડીયન સકસેશન એકટ લાગુ કરવામાં આવ્યો તથા ખ્રીસ્તીઓ માટે પણ ઈન્ડીયન મેરેજ એકટ ૧૮૬૪ લાગુ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૨૩ માં મેરીડ વીમેન્સ પ્રોપર્ટી એકટ નામનો કાયદો પસાર કરવામાં આવ્યો. ૧૯૩૭ માં બ્રીટીશરોએ સમાન નાગરિક ધારા માટે માત્ર હિન્દુઓની એક કમીટી બનાવી જેનું સુકાન બી. એન. રાવ નામના કાયદાવિદે સંભાળ્યું જેનો રીપોર્ટ પાછળથી રાવ કમીટીના રીપોર્ટ તરીકે પ્રસ્થાપિત થયો તેમણે હિન્દુ મહિલાઓને અત્યાચારનો ભોગ બનતી અટકાવવા માટે સમાન નાગરિક ધારાની આવશ્યકતા ઉપર ભાર મુક્યો જે કમીટીનું ૧૯૪૪ માં ફરીથી ગઢન કરવામાં આવ્યું જેનો રીપોર્ટ ૧૯૪૭ માં સરકારને સોંપવામાં આવ્યો. બ્રીટીશ અદાલતોમાં હિન્દુ લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક વિગેરેના કેસોના ચુકાદા હિન્દુ વારસા ધારા તથા હિન્દુ શાસ્ત્રો મુજબ થતો અને તેના ઉપરથી પ્રથમ હિન્દુ લો "હિન્દુ નિબંધ" ની રચના કરવામાં આવી તેમાં હિન્દુ ધર્મ, જ્ઞાતિ, રીવાજ, પરંપરા વિગેરેને સાંકળી સ્ત્રીઓ માટેના અલગ કાયદા બનાવવામાં આવ્યા અને તેનું પાલન કરવાનું ફરજીયાત કરવામાં આવ્યું.




૧૯૪૭ માં બ્રીટીશ સરકારે સરીયતના આધારે મુસ્લીમ લોની રચના કરી અને મુસ્લીમ લો બોર્ડની સ્થાપના કરવામાં આવી ૧૯૪૭ થી ૧૯૫૦ માં આઝાદી બાદ રાવ કમીટીના રીપોર્ટની ચર્ચા કરી મહત્વના મુદ્દાઓને કાયદામાં સાંકળી લેવામાં આવ્યા પરંતુ બંધારણના ઘડવૈયાઓની કમીટીમાં રાવ કમીટીના રીપોર્ટ અંગે મતભેદ થતા સમાન સીવીલ કોડનો સમાવેશ મૂળભૂત હક્કોની યાદીમાં કરવાના બદલે બંધારણની ૪૪ મી કલમને સિધ્ધાંતના રૂપમાં કરવામાં આવ્યો. ભારતમાં શાહબાનુના કેસ બાદ ઘણી બધી ચર્ચા અને મુસ્લીમ લો બોર્ડ તથા ઈમામોની સલાહ લઈ મુસ્લીમોને સમાન નાગરિક કાયદાના પાલન બાબતે સહંમત કરવામાં આવ્યા પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભારતમાં કોંગ્રેસ સરકારમાં રાજીવ ગાંધીની સરકારને રાજકીય મત બેન્કોને ધ્યાનમાં લઈ મુસ્લીમોને નારાજ ના કરવાના ઈરાદે તથા આગામી ચૂંટણીમાં મુસ્લીમ મતદારોને તરફેણમાં લેવા માટે સંસદમાં સુપ્રીમ કોર્ટના ૧૯૮૫ના ચુકાદાને ઠરાવ પસાર કરી રદ કરવામાં આવ્યો જે ભારતના બંધારણમાં કાયદાના ખૂન સમાન કાળો દિન ગણવામાં આવ્યો ત્યારથી મુસ્લીમ લો બોર્ડ, સરીયતના કાયદાનો અમલ તથા સમાન સીવીલ કોર્ડ વિવાદમાં રહ્યા છે હવે ભારતમાં મુસ્લીમો શિક્ષીત થયા છે. મહિલા શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેથી મુલ્લાઓ, ઈમામોની ચુંગાલમાંથી બહાર આવી નવી પેઢી સમાન નાગરિક ધારાની તરફેણ કરતી થઈ છે જે એક નવી આશા સમાન છે.